ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં કરા સાથે વરસાદ

## પ્રી. મોન્સુન એક્ટીવીટી અને ઠંડર ક્લાઉડને લઈ વરસાદ નોંધાયો : ચોમાસુ સમયસર રહેશે : જુના સેક્ટરોમાં કરા સાથેનો વરસાદ નોંધાયો : વાતાવરણ પલ્ટાયુ







ગાંધીનગર, તા. ૨૧

અસહ્ય ગરમી બાદ પ્રિ. મોન્સુન એક્ટીવીટી તેજ થતાં સર્જાયેલ ઠંડર ક્લાઉડને આજે ગાંધીનગરમાં સવારથી દેખાયા હતા અને મોડી સાંજે તે વરસાદમાં પરિવર્તિત થયા હતા. આજે કેટલાક સેક્ટરો ખાસ કરીને જુના સેક્ટરોમાં કરા સાથે વરસાદ પડ્યો હતો.

લખોટી જેવડા કરાઓએ નગરજનોમાં ભારે ઉત્સુકતા જગાવી હતી એટલુ જ નહિ વરસાદને લઈ કેટલાક તો તેમાં ભીંજાવા માટે પણ ખુલ્લા શરીરે વરસાદનો આનંદ લેતા જણાયા હતા.

ગુજરાતમાં આ વખતે ચોમાસુ સમયસરનું રહેશે એટલુ જ નહિ પણ સારો વરસાદ થશે તેવુ ખેડૂતો માની રહ્યા છે.

આજે સવારથી જ વાદળો ગાંધીનગરમાં જોવા મળ્યા હતા પરંતુ પુનઃ બપોરના સમયે ગરમીનું આક્રમણ જોવા મળ્યું હતું. ગરમીના પ્રકોપને કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ હતુ.

પરંતુ સાંજના સુમારે પુનઃ વાદળો ઉમટ્યા હતા. આ વાદળો ચડી આવતાં લોકોમાં વરસાદ આવશે તેવો સંશય પેદા થયો હતો. જો કે ઠંડા પવનો સાંજના સુમારે ૬ વાગ્યાની આસપાસ શરૂ થયા હતા.

જુના સેક્ટરોમાં વરસાદ પહેલાં કરા પડ્યા હતા અને કરા પડતાં જ અવાજો આવતા હતા તેને લઈ નગરજનો બહાર નીકળતાં જ વરસાદ શરૂ થઈ ગયો હતો. કરા સાથેના વરસાદની મજા પાટનગરવાસીઓએ લીધી હતી.

આજે થયેલા આ વરસાદને પગલે વાતાવરણમાં પણ પલ્ટો આવ્યો છે. જો કે રાત્રીના સમયે બફારો વધી જવા પામ્યો હતો.

ખગોળશાસ્ત્રીઓના મત પ્રમાણે આ પ્રિ.મોન્સુન એક્ટીવીટી જે આકાશમાં શરૂ થઈ છે તેના ભાગરૂપે વરસાદ થયો છે. વરસાદ જો કે બહુ નોંધાયો નથી પરંતુ તેના પગલે વાતાવરણમાં પલ્ટો જરૂર જોવા મળ્યો છે.

હજુ આવુ વાતાવરણ આગામી એકાદ-બે દિવસ રહે તેવી શક્યતાઓ છે. અમદાવાદના સોલા, શીલજ પંથકમાં પણ વરસાદ પડતાં કેટલાક વિસ્તારોમાં ટ્રાફિક જામના દશ્યો પણ ઉભા થયા હતા.

# નવા વિકાસ પ્લાનમાં ગિફ્ટ સીટીનો વિકાસ રૂંધાશે

## નવા જીડીસીઆર સામે વધતો વિરોધ : ન્યાય આપવા છ ગામની રજુઆત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના જારી કરાયેલ વિકાસ પ્લાનની સામે શાહપુર, લવારપુર, રતનપુર, વલાદ, પીરોજપુર, બાસણ અને પાલજના ખેડૂતોએ તેનો ઉગ્ર વિરોધ કર્યો છે.

આ ગામના ખેડૂતોએ જણાવ્યું છે કે ૨૦૧૪થી ૨૦૨૪ સુધીના મંજૂર થયેલ ડ્રાફ્ટ પ્લાનમાં આ ગામોની ખેતીની જગ્યાઓમાં ઈન્સ્ટીટ્યુશન ઝોન-પમાં આ વિસ્તારોમાં ગાંધીનગર જેવા જ નવા સેક્ટરોનું પ્લાનીંગ થયેલુ હતુ. તે પ્લાનીંગ રદ કરીને ઝોનીંગમાં ફેરફાર કરી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરી ડેવલપોમેન્ટ પ્લાન ૨૦૧૭ મુજબ આ જગ્યાઓમાં એગ્રીકલ્ચર પ્રાઈમ ઝોન (A 9) તેમજ વિક્રીએશન ઝોન-૧ માં દાખલ કરી દેવાયેલ છે. જેની સામે આ ગામના ખેડૂતોએ રોષની લાગણી વ્યક્ત કરી છે.

આને કારણે ગીફ્ટ પ્રોજેક્ટને વિપરીત અસર થશે તેવો પ્રયાસ કરાયો હોવાની વાત ખેડૂતોએ કરી છે. ગિફ્ટ પ્રોજેક્ટમાં મહામૂલી જમીન આપનાર ખેડૂતોને અન્યાય થયો હોવાની વાત પણ આવેદનપત્રમાં કરવામાં આવી છે.

ડ્રાફ્ટ પ્લાનમાં આ વિસ્તારમાં મીની ગાંધીનગર ડેવલપ કરવાનુ પી.એમ.ના સ્વપ્નનું શું થશે. પ્રસ્તાવિત ઝોન રદ કરાયો હોય તેઓ કિસ્સો દૂર દૂર સુધી ધ્યાને આવતો નથી તેમ પણ આવેદનપત્રમાં વેદના ઠાલવતાં ગ્રામજનોએ જણાવ્યું છે.

આ આવેદનપત્ર પર છ જેટલા ગામોના સરપંચો અને તાલુકા પંચાયતના સદસ્યો ઉપરાંત ખેડૂતોએ હસ્તાક્ષર કર્યા છે. આ આવેદન-પત્રની નકલ અડવાણી, પરેશ રાવલ, ગાંધીનગરના બે ધારાસભ્યો શંભુજી ઠાકોર અને અશોક પટેલને પણ મોકલવામાં આવી છે.

પ્રધાનમંત્રી મોદી સહિત ૧૦ થી વધુ હોદ્દેદારોને સંબોધીને આ આવેદનપત્ર ૪ પાનાનું તૈયાર કરવામાં આવેલ છે.

આ આવેદનપપત્રમાં ખેડૂતોના સ્વપ્ન રોળાઈ ગયાની વાત કરવામાં આવી છે. ગીફ્ટ સીટીમાં ૧૫ હજાર કરતાં પણ વધુ લોકો કામ કરી રહ્યાં છે ત્યારે તેમને ગીફ્ટસીટીની આસપાસ રહેણાંકની સુવિધા પ્રાપ્ત ન થતાં અમદાવાદ રહેવાનું પસંદ કરવુ પડ્યુ અને કંપનીઓ પણ સુવિધાના અભાવે ગીફ્ટ સીટીમાં કાર્યરત થઈ શકી નથી એટલુ જ નહિ પણ આસપાસના વિસ્તારોનો વિકાસ રૂંધાયો છે.

# રાજ્યના વિવિધ ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા

## મોડી સાંજે અમદાવાદ શહેરના થલતેજ, શીલજ, વેજલપુર, ચાંદખેડા, રાણીપ, આશ્રમરોડ, વિજય ચાર રસ્તા, મેમનગર સહિતના વિસ્તારોમાં ઝાપટા : સુરેન્દ્રનગરના લીમડી, છારોડી, વિરમગામ, ધંધુકામાં વરસાદ : રાજ્યમાં પણ એકાએક હવામાનમાં પલ્ટો

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં આજે મોડી સાંજે હવામાનમાં એકાએક પલ્ટો આવ્યો હતો અને શહેરના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. આની સાથે જ વાતાવરણમાં પણ આંશિક ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદની શરૂઆત થતા લોકો મજા માણવા માટે ઘરની બહાર નીકળ્યા હતા. બીજી બાજુ શહેરના ઘણા વિસ્તારોમાં સાંજે ટ્રાફિકની સ્થિતિ પણ જોવા મળી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ અમદાવાદ શહેરમાં સાંજે હવામાનમાં પલ્ટો આવ્યા બાદ થલતેજ, સીલજ, સત્તાધાર, આશ્રમરોડ, રાણીપ, ચાંદખેડા, વેજલપુર, મેમનગર, વિજય ચાર રસ્તા, ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં વરસાદ થયો હતો. કેટલાક વિસ્તારોમાં કરા સાથે વરસાદ થતા આશ્ચર્ય ફેલાઈ ગયું હતું.

અમદાવાદ શહેરની સાથે સાથે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં પણ વરસાદ થયો હતો. સુરેન્દ્રનગરના લીમડી, સાણંદ, બગોદરા, વિરમગામ, છારોડી, ધંધુકા સહિતના વિસ્તારોમાં મોડી સાંજે

● અનુસંધાન પાન-૫ પર





આખરી ઓપ - પ્રધાનમંત્રી મોદીના આગમનનું કાઉન્ટ-ડાઉન શરૂ થઈ ગયું છે... સમગ્ર વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે... ઉચ્ચ અધિકારીઓ સાથે ગૃહરાજ્યમંત્રીએ મહાત્મા મંદિરની વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું... એરપોર્ટથી મહાત્મા મંદિર સુધીના સમગ્ર માર્ગની વ્યવસ્થાનું નિરીક્ષણ રાજ્યના પોલીસ વડા ગીતા જહોરીના નેતૃત્વમાં કરાયું હતું... રવિવારે બપોર બાદ ઉચ્ચ અધિકારીઓ પણ ઝીણામાં ઝીણી બાબતોની ચર્ચા વિચારણા કરી સમગ્ર વ્યવસ્થાને આખરી ઓપ આપ્યો હતો...

# આફ્રિકી દેશોના પ્રતિનિધિને ફાફડા અને જલેબી પીરસાશે

ગાંધીનગર, તા.૨૧

આવતીકાલથી ૨૬ મે સુધી ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવેલી આફ્રીકન ડેવલપમેન્ટ બેંકની બેઠક માટે રાજય યજમાન બન્યું છે.એવા સમયે આ બેઠકમાં ભાગ લેવા આવેલા એક ડઝનથી પણ વધુ આફ્રીકન દેશોના પ્રતિનિધિઓને નાસ્તામાં ફાફડા-જલેબી ઉપરાંત ઢોકળા પીરસવામાં આવશે.આ ઉપરાંત તેઓને અમદાવાદ શહેરના ઐતિહાસિક સ્થળોની મુલાકાતે લઈ જવાશે.જેમાં હેરિટેજ વોકનો પણ સમાવેશ થાય છે.આ અંગે મળતી માહિતી અનુસાર,૨૨ મેથી ૨૬ મે દરમ્યાન ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આફ્રીકન ડેવલપમેન્ટ બેંકની ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.આ બેઠકમાં ભાગ લેવા એક ડઝનથી વધુ આફ્રીકન દેશોના ડેલિગેટસનું આગમન થઈ ગયું છે. તેમને ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે. ખમણ, ખાંડવી, ઢોકળા ઉપરાંત હાંડવો અને અન્ય વાનગીઓ પીરસવામાં આવનાર છે.પાંચ દિવસ સુધી ચાલનારી આ બેઠકમાં કયા દિવસે શું પીરસવું તે પણ નકકી કરવામાં આવ્યું છે. અમદાવાદમાં રોકાણ

● અનુસંધાન પાન-૫ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
(૧) વર્ષમાં પાંચ ઉત્તમ કાર્યક્રમ- ચાર ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) શક્ય બને તો વિશેષ એક કાર્યક્રમ આપવાની સંસ્થાની નિષ્ઠાભરી ઈચ્છા. ગત વર્ષે છ કાર્યક્રમો અપાયા હતા.
(૩) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૪) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.
૨૦૧૭-૧૮ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકો છો.
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૨૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૭૦૦/- (વાર્ષિક)
'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરના ઉપક્રમે અને સુરીલી સાંજ-રાજેશ વૈશ્નવ-ભાવનગર પ્રસ્તુત હિન્દી સિનેમાના ફિલ્મ 'બાબુલ' થી 'રામ રતન ધન પાયો' સુધીના સદાબહાર સમુહ(Chorus) ગીતોની રજુઆત
'મૌસમ બીતા જાય'
તારીખ: ૧૦મી જુન, ૨૦૧૭, શનિવાર | સમય: રાત્રે ૯-૧૫ | સ્થળ: ટાઉન હોલ, ગાંધીનગર

રાજેશ વૈશ્નવ, હિરેન વૈશ્નવ, હારિત ધોળકિયા, અનિરૂદ્ધ કાપડી, સંગતી મહેતા, ભૂમિ મહેતા, માધુરી વૈશ્નવ, સુરભી પરમાર
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, છઠ્ઠો માળ, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પ્લેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨ ડો. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪, શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩, શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬, શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬, શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૯૪૨૮૧૫૧૪૩૬
(૮) સેક્ટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેક્ટર-૮ પ્રા. ડો.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
આવો... આજે જ સભ્યપદે નોંધાઈને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુકલ મંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર.
કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com